For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

હોળીમાં વતન ગયેલા કામદારો પણ ત્યાં જ અટકી જાય તેવી સંભાવના

ગેસ સંકટને લીધે શ્રમિકોની હિજરત શરૂ

કારીગરો પાસે 5 કિલો ગેસ રિફિલિંગના 2500 મંગાયા

મિલમાલિકો કોન્ટ્રાક્ટરોને સમજાવી રહ્યા છે

સુરતઃ પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિની અસર સુરતના ગેસ આધારિત ઉદ્યોગો પર તો પડી જ છે.પણ હવે કારીગરો પણ ગેસ નહીં મળે એ ભયે ઉધના સ્ટેશનથી ટ્રેનો ભરી વતને જઈ રહ્યાં છે. સચિન જીઆઈડીસીની મિલોમાં ફોલ્ડિંગ કામ કરતા કારીગરો ઉધના સ્ટેશને ટ્રેન પકડવા મોટી સંખ્યામાં પહોંચતા મિલ માલિકો અને કોન્ટ્રાકટર તેઓને સમજાવવા પહોંચ્યા હતા.

ઉત્તર પ્રદેશ,બિહાર,ઝારખંડ, ઓડિશા અને બંગાળના કારીગરો સુરતના સચિન,હોજીવાળા,ભેસ્તાન, ઉધના,પાંડેસરા સહિતના ઔદ્યોગિક વિસ્તારોમાં કામ કરે છે.અને નજીકની કાચી પાકી વસાહતોમાં પરિવાર સાથીવકામ કરે છે.મહિને 12,000 થી 15,000 રૂપિયા રળતા કારીગરો જ્યારે તેઓના 5 કિલો અને 3 કિલોના નાના ગેસ સિલિન્ડર લઈ પહોંચ્યાં ત્યારે કાળા બજારીયાઓએ તેઓ પાસે 5 કિલોના સિલિન્ડરમાં રિફિલિંગના 2500 અને 3 કિલો સિલિન્ડરમાં ગેસ ભરવા 1500 રૂપિયા માંગ્યા હતા.આ નાના ગેસ સિલિન્ડર કારીગરોના બીજાં માટે 7થી10 દિવસ ચાલતા હોય છે. પણ હવે ગેસ પાછળ જ મોટો ખર્ચ થવાનો હોવાથી તેઓ વતને જઈ રહ્યા છે.

મિલ કોન્ટ્રાકટર એસો.ના અગ્રણી કામરાન ઉસ્માનીએ જણાવ્યું હતું કે,

...અનુસંધાન પાના 5 પર

હજીરા વિસ્તારમાં કમર્શિયલ ગેસ સિલિન્ડર મુદ્દે ચિંતા

પરપ્રાંતિય કામદારોના ભોજન પર સંકટની આશંકા

આગેવાનોએ જિલ્લા પુરવઠા અધિકારીને કરી રજૂઆત

સુરતઃ મિડલ ઈસ્ટ દેશોમાં સર્જાયેલી અસ્થિર પરિસ્થિતિની અસર હવે ભારતમાં પણ અનુભવાઈ રહી હોવાની ચર્ચાઓ વચ્ચે સુરતમાં ગેસ સિલિન્ડર પુરવઠા અંગે ચિંતા વ્યક્ત થવા લાગી છે. ખાસ કરીને સુરતના હજીરા વિસ્તારમાં રહેતા હજારો પરપ્રાંતિય કામદારો માટે ભોજન વ્યવસ્થા પર અસર થવાની દહેશત વચ્ચે આગેવાનો દ્વારા જિલ્લા પુરવઠા અધિકારીને રજૂઆત કરવામાં આવી છે. કોમર્શિયલ ગેસ સિલિન્ડરનું રિફિલિંગ બંધ કરતાં આજે રજૂઆત કરવામાં આવી હતી અને કોમર્શિયલને બદલે ઘરેલું સિલિન્ડર ફાળવવામાં આવે તેવી માંગ કરી હતી.

સુરતના હજીરા વિસ્તારમાં મોટા પાયે ઉદ્યોગો આવેલા હોવાથી અહીં હજારોની સંખ્યામાં પરપ્રાંતિય કામદારો અને શ્રમિક વર્ગ રહે છે. આ કામદારોના ભોજન માટે વિસ્તારમાં અનેક મેસ અને કેન્ટીન મોટા પાયે કાર્યરત છે, જે રોજ હજારો લોકોને ભોજન પૂરૂં પાડે છે. તાજેતરમાં કમર્શિયલ ગેસ સિલિન્ડર પુરવઠા બંધ થવાની અથવા તેમાં વિક્ષેપ આવવાની ચર્ચાઓ શરૂ થતાં મેસ અને કેન્ટીન ચલાવનારાઓ તેમજ કામદારોમાં ચિંતા વ્યાપી ગઈ છે. જો ગેસ સિલિન્ડરનો પુરવઠો બંધ થાય તો હજારો કામદારો માટે ભોજન વ્યવસ્થા કરવી મુશ્કેલ બની શકે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી

...અનુસંધાન પાના 5 પર

ઇન્ડક્શન ચૂલા, ઇન્ડક્શન વાસણો, માઇક્રોવેવનો સ્ટોક પૂરો

ઇન્ડક્શન ચૂલાનો સ્ટોક ખલાસ, LPG-PNG પુરવઠા અંગેની અનિશ્ચિતતા વચ્ચે લોકો બેકઅપ તરીકે ઇલેક્ટ્રિક ચૂલા ખરીદવા દોડી રહ્યા છે

સુરતઃ મધ્ય પૂર્વમાં યુદ્ધ જેવી પરિસ્થિતિ સર્જાતા ગેસ સપ્લાય અંગે ઉભી થયેલી અનિશ્ચિતતા વચ્ચે સુરતમાં ઇન્ડક્શન ચૂલા, ઇન્ડક્શન વાસણો, માઇક્રોવેવ અને કોલસા જેવા વૈકલ્પિક રસોઈ સાધનોના વેપારમાં અચાનક તેજી આવી છે. LPG અને PNG ગેસનો પુરવઠો ખોરવાઈ શકે તેવી ભીતિથી ઘરેલું ગ્રાહકો, હોટલ-રેસ્ટોરન્ટ અને નાના વેપારીઓ ગેસના વિકલ્પ તરીકે ઇલેક્ટ્રિક ઉપકરણો ખરીદવા તરફ વળી રહ્યા છે. જોકે સુરતના માર્કેટમાં છેલ્લા ત્રણ દિવસમાં ઇન્ડક્શન ચૂલા નો સ્ટોક ખલાસ થઈ જતા નવા માલ માટે મુંબઇ,પૂણે,જાલંધર,અલીગઢ નવા ઓર્ડર આપવામાં આવ્યા છે.

ઇન્ડક્શન અને ઇલેક્ટ્રિક ઉપકરણોની માંગમાં અચાનક ઉછાળો જોવા મળ્યો છે. ઓનલાઈન અને દુકાનોમાં ઇન્ડક્શન cooktop ની વેચાણ 3 થી 30 ગણું સુધી વધી ગયું છે. સુરતની કેટલીક જગ્યાએ દુકાનોમાં દિવસે 50-70 યુનિટ વેચાઈ રહ્યા છે અને સ્ટોક ખૂટી રહ્યો છે ગેસ ન મળવાની ભીતિથી લોકો "panic buying" કરી રહ્યા

...અનુસંધાન પાના 5 પર

ભયના કારણે ઊંચા ભાવ વચ્ચે પણ ખરીદી

પ્રોડક્ટ	જૂનો ભાવ	નવો ભાવ
ઇન્ડક્શન ચૂલા	1500	3500 રૂપિયા
ઇન્ડક્શન વાસણ	800	2000 રૂપિયા
માઇક્રોવેવ	6000	15,000 રૂપિયા
કોલસો અને લાકડું	10- 15	15 -20 રૂપિયા



કેટરર્સ ચૂલા તરફ વળતા કોલસાના 20% ભાવ વધ્યા

સુરતના તળ સુરતના હરીપુરા,સૈયદપુરા,પીરછડી રોડ લકકડ કોટ વિસ્તારમાં 10થી 15 રૂપિયે મળતા રાંધણ કોલસાનો ભાવ સીધો 20 રૂપિયે કિલો થઈ ગયો છે.એવી જ રીતે લાકડાના ભાવ 12 થી 15રૂપિયે કિલો થયા છે.લીમડા ચોક 6 પીરની દરગાહની ગલીમાં,કેમ્બેની ગલીમાં અને રાણીતળાવ ડુંગરકુવા શેરીમાં આવેલી દુકાનોમાં કોલસાના ચૂલા, બાર્બેક્યું ચૂલા ખરીદવા કેટરિંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોની ભારે ઘરાકી જોવા મળી હતી. હોટલ-રેસ્ટોરન્ટ તથા સ્ટ્રીટ ફૂડ વેપારીઓએ ગેસના વિકલ્પ તરીકે કોલસા અને લાકડાનો ઉપયોગ શરૂ કર્યો છે. સુરતના લારી-ગલ્લા વેપારીઓ જણાવે છે કે ગેસ ઉપલબ્ધ ન રહે તેવી ભીતિને કારણે તેઓ કોલસા અને તંદુરના ઇંધણનો સ્ટોક રાખી રહ્યા છે. પરિણામે કોલસા અને લાકડાના વેપારમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.વેપારીઓના અંદાજ મુજબ છેલ્લા એક અઠવાડિયામાં સુરત અને દક્ષિણ ગુજરાતમાં કોલસાની માંગમાં લગભગ 20-30 ટકા જેટલો વધારો નોંધાયો છે. કેટલાક ડીલરો જણાવે છે કે હોટલ અને કેટરર્સ મોટી માત્રામાં કોલસા ખરીદી રહ્યા છે જેથી ગેસ ન મળે તો પણ રસોઈ વ્યવસ્થા ચાલુ રાખી શકાય.

ઇન્ડક્શન ચૂલા વેચાણમાં 3થી 5 ગણો વધારો

- દુકાનોમાં રોજનું વેચાણ : 40-50 યુનિટ સુધી
- ઇન્ડક્શન ચૂલા ભાવ : રૂ. 1500- રૂ. 4500
- માઇક્રોવેવ ઓવન માંગ : 20-25% વધારો
- કોલસા વેચાણમાં વધારો : 20-30%

શ્રમિકોનાં મોત મામલે ન્યૂ પારસના માલિકો સામે પણ FIRની માંગ

માત્ર કોન્ટ્રાક્ટર નહીં, મિલ માલિક-મેનેજમેન્ટ પણ જવાબદાર, કડક કાર્યવાહી કરવા દર્શન નાયકની માંગ

નાયબ મુખ્યમંત્રી, GPCB, લેબર, ફેક્ટરી વિભાગના વડાઓને રજૂઆત

સુરતઃ સુરતના પાંડેસરા GIDC વિસ્તારમાં આવેલી ન્યુ પારસ ડાઇંગ મિલમાં કેમિકલ ટાંકી સાફ કરતી વખતે ઝેરી ગેસના કારણે ત્રણ શ્રમિકનાં થયેલા મૃત્યુ મામલે હવે રાજકીય અને કાનૂની સ્તરે જવાબદારી નિર્ધારિત કરવાની માંગ ઊઠી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટીના મહામંત્રી એડવોકેટ દર્શનકુમાર એ. નાયકે રાજ્યના ગૃહમંત્રી, નાયબ મુખ્યમંત્રી, GPCB, લેબર, ફેક્ટરી વિભાગના વડાઓને પત્ર લખી મિલ માલિકો, ઓક્યુપાયર, ડિરેક્ટર્સ અને મેનેજમેન્ટ સામે પણ ગંભીર ફોજદારી ગુનાઓ હેઠળ FIR નોંધવાની માંગ કરી છે.

તેમણે જણાવ્યું છે કે થોડા દિવસ પહેલાં બનેલી આ ઘટનામાં કેમિકલ ટાંકી સાફ કરવાની કામગીરી દરમિયાન શ્રમિકોને કન્ફાઈન્ડ સ્પેસમાં ઉતારવામાં આવ્યા હતા. આવી જગ્યાએ ઝેરી ગેસ હાજર હોવાની સંપૂર્ણ શક્યતા હોવા છતાં કામદારોને જરૂરી સુરક્ષા સાધનો, ગેસ ડિટેક્શન સિસ્ટમ, ઓક્સિજન સપોર્ટ અથવા અન્ય સલામતી વ્યવસ્થાઓ આપવામાં આવી નહોતી. પરિણામે ઝેરી ગેસના કારણે ત્રણ શ્રમિકોના મોત થયા અને કેટલાક કામદારો બેભાન થયા હતા. નાયકના જણાવ્યા

...અનુસંધાન પાના 5 પર

મુખ્ય તપાસ માટે ઉઠાવેલા મુદ્દાઓ...

- ભૂગર્ભ ટાંકીમાં ભરાયેલા કેમિકલની વિગતો ફેક્ટરી ઇન્સ્પેક્ટર દ્વારા આપવામાં આવેલા પ્રમાણપત્રમાં દર્શાવવામાં આવી છે કે નહીં તેની તપાસ કરવી.
- ફેક્ટરીમાં ડાઇંગ માટે કેટલા મશીનોને સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે અને કેટલા મશીનો વિના પરવાનગી ચલાવવામાં આવી રહ્યા છે તેની તપાસ કરવી.
- ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે આ ભૂગર્ભ ટાંકી અંગે કોઈ તપાસ અથવા રેકોર્ડ રાખ્યો છે કે નહીં તેની તપાસ કરવી.
- મૃતક કામદારોને સુરક્ષા સાધનો વિના કેમ ટાંકીમાં ઉતારવામાં આવ્યા તેની જવાબદારી નક્કી કરવી.
- હાલ ફક્ત કોન્ટ્રાક્ટર સામે નોંધાયેલી FIRમાં મિલ માલિકોને પણ આરોપી બનાવવાની કાર્યવાહી કરવી.
- Factories Act, 1948 ની કલમ 36(1) મુજબ મર્યાદિત જગ્યામાં પ્રવેશ માટેના નિયમોનું પાલન થયું હતું કે નહીં તેની તપાસ કરવી.

આખા દેશમાં ગેસની બોટલના ટેન્શન વચ્ચે

પુણામાં તસ્કર ગેસ સિલિન્ડર પણ ચોરી ગયો

આશાનગરના બંધ મકાનને નિશાન બનાવી રૂ.1.95 લાખની ચોરી

સુરતઃ વિશ્વસ્તરે અમેરિકા, ઈઝરાઈલ અને ઈરાન વચ્ચે વધતા યુદ્ધ તણાવની અસર ગેસ પુરવઠા અને બજાર પર પડી રહી હોવાની ચર્ચાઓ વચ્ચે સુરતમાં ગેસ સિલિન્ડર ચોરીનો બનાવ સામે આવ્યો છે. પુણાગામ વિસ્તારમાં રહેતા શાકભાજી વેપારીના બંધ મકાનમાં તસ્કરો તાળું તોડી ઘૂસી સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ અને ગેસ સિલિન્ડર સહિત રૂ.1.95 લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સુરત શહેરમાં હાલ ગેસ સિલિન્ડરના વધતા ભાવ અને કાળાબજારીની ચર્ચા વચ્ચે હવે ગેસ સિલિન્ડર ચોરીના બનાવો પણ સામે આવવા લાગ્યા છે. પુણાગામ વિસ્તારમાં ઉમરવાડા પાસે આવેલી આશાનગર ઝૂપડપટ્ટીમાં રહેતા જીવણ બચુભાઈ વાઘેલા શાકભાજી વેચાણ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.ગત 9 માર્ચના રોજ બપોરે લગભગ 1 વાગ્યાથી સાંજે 4:30 વાગ્યા સુધી તેઓ શાકભાજી વેચવા માટે બહાર ગયા હતા, જેના કારણે તેમનું મકાન બંધ હતું. આ સમય દરમિયાન અજાણ્યા તસ્કરો તેમના ઘરના દરવાજાનું તાળું તોડી અંદર ઘૂસી ગયા હતા. ઘરમાં તપાસ કરતાં ચોરોએ તિજોરીમાં મુકેલા સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ ચોરી લીધી હતી. તસ્કરો આશરે રૂ.1.64 લાખના દાગીના અને રૂ.30 હજાર રોકડ સાથે ફરાર થઈ ગયા હતા. એટલું જ નહીં, ઘરમાં રહેલો એચપી કંપનીનો ગેસ સિલિન્ડર પણ ચોરો લઈ ગયા હતા.

ચોરીની ઘટનાથી પરિવારને મોટું આર્થિક નુકસાન થયું છે. બનાવ અંગે જીવણ વાઘેલાએ પુણાગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કુલ રૂ.1.95 લાખની ચોરીનો ગુનો દાખલ કરી આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોની શોધખોળ શરૂ કરી છે.

ધૂળના કારણે સુરતમાં ઝીરો વિઝિબિલિટી

સામાન્ય રીતે ધુમ્મસમાં ઝીરો વિઝિબિલિટી થઇ જતી હોય છે. વાહનચાલકોને રસ્તો પણ દેખાતો નથી જો કે, સુરતમાં ધૂળના કારણે આવી હાલત થાય છે. 'કમિશનર નવા છે એટલે તેમણે નવી ગીલ્લી નવો દાવ'ના નિયમ અનુસાર શહેર માટે કંઇ કરવું જોઇએ. **(તસવીર : સતીષ જાદવ)**

કોસાડમાં વૃદ્ધાની હત્યાના ગુનાનો ભેદ ઉકેલતી ક્રાઇમ બ્રાન્ચ

વેવાઈએ કોથળામાં ખભે ઊંચકીને વેવણની લાશ ફેંકી હતી

ભાભી અને દિયરના અનૈતિક સંબંધમાં અવરોધ હોવાથી કાંટો કાઢી નાંખ્યો

જે ચિંદી બાંધી કોથળો પેક કર્યો હતો તેવી જ ચિંદી ઘરેથી મળતા કડી મળી

પોટલું વજનદાર હોવાથી ઘર નજીક જ ફેંકવું પડ્યું હતું

હત્યાના બે દિવસ પહેલા જ ફિરોઝે પરવેઝને કહી દીધું હતું કે, તું કામ પર જતો રહેજે, હું તારી માને પતાવી દેવા જઈ રહ્યો છું." હત્યા કર્યા બાદ પુરાવાનો નાશ કરવા માટે હમીદા બાનુંના મોટા દીકરા, તેની પત્ની અને ફિરોઝ આલમ - આ ત્રણેયે ભેગા મળીને ઘરમાં પડેલી ચિંદીઓથી મૃતકના હાથ-પગ બાંધ્યા હતા. ત્યારબાદ લાશને એક પોટલામાં ભરી, ફિરોઝ આલમ પોતે તે પોટલું ઉંચકીને ઘરથી દૂર ફેંકીવા નીકળ્યો પણ પોટલું વજનદાર હોવાથી નજીક ફેંકી દીધું હતું.

સુરતઃ બે દિવસ પહેલા કોસાડ આવાસમાં કોથળામાં પેક કરેલી હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. ક્રાઇમબ્રાન્ચે આ ગુનાનો ભેદ ઉકેલી કાઢી મૃતકના વેવાઈ, પુત્ર અને પુત્રવધુની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર પુત્રના મોટીપુત્ર સાથેના અનૈતિક સંબંધની જાણ થતાં આ હત્યા કરી નાંખવામાં આવી હતી. કોથળામાં પેક કરીને વેવાઈ લાશ ફેંકવા ગયા હતો. લાશ ભરેલો કોથળો જે ચિંદીથી પેક કર્યો હતો તેવી જ ચિંદી ઘરેથી મળી આવતા પોલીસને તરત જ કડી મળી ગઈ હતી.

ઘટનાની વિગતો મુજબ, ગત તા. ૧૦ માર્ચના રોજ હમીદાખાતુન મન્સુરી નામની વૃદ્ધા ઘરેથી નીકળ્યા બાદ ગુમ થઈ હતી તેવી ફરિયાદ તેના નાના પુત્ર પરવેઝે નોંધાવી હતી. બીજી તરફ હનુમાન મંદિર પાસે કોથળામાં પેક કરેલી હાલતમાં વૃદ્ધાની લાશ મળી આવી હતી જે હમીદાખાતુનની હતી. પોસ્ટમોર્ટમમાં ખુલાસો થયો હતો કે તેની ગળે ટૂંપો આપીને હત્યા કરી નાંખવામાં આવી હતી. આ ઘટનાનો ભેદ ઉકેલી કાઢી પોલીસે મૃતકના પુત્ર પરવેઝ, મોટી વહુ શબાના અને તેના વેવાઈ ફિરોઝ આલમની ધરપકડ કરી છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી પરવેઝ અને તેની ભાભી શબાના વચ્ચે અનૈતિક પ્રેમ સંબંધો હતા અને તેઓ આડેધડ પૈસા ખર્ચતા હતા. માતા હમીદાખાતુન તેઓને પૈસાની બચત કરવા અને મોજશોખ બંધ કરવા અવારનવાર ટોકતી હતી, જે આ નરાધમોને ખટકતું હતું. આથી શબાનાએ બિહારમાં રહેતા તેના પિતા ફિરોજ આલમને સુરત બોલાવ્યા હતા અને ત્રણેયે મળીને હત્યાનો પ્લાન ઘડ્યો હતો. ફિરોજ આલમે રૂમમાં વૃદ્ધાને ગળે ટૂંપો દઈ મોતને ઘાટ ઉતારી લાશને કોથળામાં ભરી બિલ્ડિંગ પાસે ફેંકી દીધી હતી.

ડિંડોલીના માથાભારે ધીરજસિંગને મિત્રોએ પાઈપ મારીને પતાવી દીધો

ત્રણ-ચાર થપ્પડનો બદલો લેવા બેલ્ટ અને પાઇપથી મારીને ઘરે ફેંકી ગયા

સુરતઃ ડિંડોલીમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા યુવકની પત્ની વિશે વતનમાં ખોટી અફવા ફેલાવવા બાબતે ચાર દિવસ પહેલા મિત્ર સનીને ત્રણચાર થપ્પડ મારી ઠપકો આપ્યો હતો. આ વાતની અદાવત રાખી સની તેના અન્ય મિત્રો સાથે મળી યુવકને અવાવરુ જગ્યા લઈ જઈ મેથી પાક આપી પાછા ઘરે ફેંકી ગયા હતા. વધુ ઈજાઓના કારણે તેનું ઘરમાં મૃત્યુ થયું હતું. ઘટનાની જાણ થતા ડિંડોલી પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે યુવકનું પીએમ કરાવતા ઈજાઓના કારણે મોત થયું હોવાનું બહાર આવતા હત્યાનો ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

તેના જ અંગત મિત્રો દ્વારા ઘાતકી હત્યા કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. જ્ઞાન ભારતી હિન્દી સ્કૂલ સામે રામદેવ નગર ખાતે બનેલી આ ઘટનામાં, છેલ્લા ૩ વર્ષમાં બે વખત પાસા હેઠળ જેલની હવા ખાઈ આવેલા ધીરજ નામના રીઢા ગુનેગારને તેના મિત્રો ઘરેથી બોલાવી ગયા હતા અને પાઈપ તથા બેલ્ટ વડે ઢોર માર મારી મોતને ઘાટ ઉતાર્યો હતો.

મળતી વિગતો મુજબ, ડિંડોલી નજીકના નવાગામ ખાતે રામદેવનગર પ્લોટ નં. ૬૬ માં રહેતા ધીરજસિંઘ નામના યુવકની પત્ની વિશે આરોપી સની વિજય ચૌહાણ ગામમાં ખોટી અફવાઓ ફેલાવી તેને બદનામ કરતો હતો. જેની જાણ થતાં બંને વચ્ચે ત્રણ-ચાર દિવસ પહેલા તેમની વચ્ચે ઝઘડો થયો હતો. તે સમયે ધીરજસિંગે

...અનુસંધાન પાના 5 પર

ધી સૂરત પીપલ્સ કો-ઓ. બેન્ક લિ.
સ્થાપના : ૧૯૨૨ મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક
રજીસ્ટર્ડ/ સેન્ટ્રલ ઓફિસ: 'વસુધારા ભવન', ટીમલીયાવાડ, નાનપુરા, સુરત - ૩૯૫૦૦૧.
તહેવાર નિમિત્તે આકર્ષક થાપણ યોજના
ટૂંક સમય માટે
૪૪૪ દિવસની યોજના ૭.૮૦%* વ્યાજ દર
પાકતી મુદતે ૮.૧૧% યીલ્ડ

વેસુમાં ઘરઘાટી યુવતીએ 1.50 લાખની ચોરી કરી

સુરતઃ વેસુ ગોકુલ પ્લેટીનમ એપાર્ટમેન્ટમાં ઘરકામ માટે આવતી એક યુવતીએ માલિકની નજર ચૂકવી કબાટમાંથી સમયાંતરે કુલ રૂપિયા ૧,૫૦,૦૦૦ ની મતાની ચોરી કરી હોવાની ફરિયાદ પોલીસમથકે નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ, વેસુ સ્થિત ગોકુલ પ્લેટીનમ એપાર્ટમેન્ટમાં રહેતા સુધાદેવી વિજયકુમાર ઝવરના ઘરે ગત જાન્યુઆરી માસથી દિપુ ઉર્ફે ડિમ્પલ મનજીભાઇ પટેલ (રહે., એસ.એમ.સી. આવાસ, વેસુ) ઘરકામ માટે આવતી હતી. ગત તા. ૦૭/૦૩/૨૦૨૬ના રોજ સવારે જ્યારે ડિમ્પલ બેડરૂમમાં સફાઈ કરી રહી હતી, ત્યારે તેણે કબાટ ખોલી અંદર રાખેલા રોકડના બંડલમાંથી

...અનુસંધાન પાના 5 પર

નાનપુરામાંથી અપહૃત 4 માસની માસૂમ બાળકી બારડોલીથી મળી

1500થી વધુ કેમેરા ચેક કર્યા, 1500 પોલીસ જવાનોની મહેનત ફળી

અપહરણ કરનાર પરપ્રાંતિય દંપતી જેલના સળિયા પાછળ

સુરતઃ શહેરના નાનપુરા મટન માર્કેટ વિસ્તારમાં ફૂટપાથ પર રહી મજૂરીકામ કરતા પરિવારની ચાર માસની બાળકી 'પૂજા'ના અપહરણની ઘટનામાં અઠવા પોલીસ અને બારડોલી રેલવે પોલીસે સંયુક્ત ઓપરેશન પાર પાડી ગણતરીના કલાકોમાં બાળકીને હેમખેમ છોડાવી લીધી છે. આ ગુનામાં સંડોવાયેલા નંદુરબારના દંપતીને બારડોલી સુગર ફેક્ટરી નજીકથી દબોચી લેવામાં આવ્યું છે.

ઘટનાની વિગત મુજબ ફરિયાદી નીતાબેન શૈલેશભાઈ ચંદાણા (ઉં.વ.36) (મૂળ રહે.,દાહોદ) નાનપુરા વિસ્તારમાં ફૂટપાથ પર રહી મજૂરીકામ કરે છે. ગત તા.11/3/2026ના રોજ સવારે 10:30 વાગ્યાના અરસામાં નીતાબેન તેમના પતિ અને બે દીકરી સાથે નાનપુરા મટન માર્કેટ પાસે બેઠા હતા. દરમિયાન એક અજાણ્યો સ્ત્રી-પુરુષ ત્યાં આવ્યાં હતાં અને ચાર માસની બાળકી પૂજાને રમાડવાના બહાને ખોળામાં લીધી હતી. તે જ સમયે નીતાબેન નજીકમાં પાણી લેવા અને તેમના પતિ મસાલો લેવા ગયા હોવાની તક ઝડપી, નજર ચૂકવી આ અજાણ્યું દંપતી બાળકીનું અપહરણ કરી ફરાર થઈ ગયું હતું.

આ મામલે અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતાં જ પોલીસ એક્શન મોડમાં આવી હતી. અઠવાલાઈન્સ પી.એસ. આઈ. એ.આર.મહિડા અને તેમની ટીમે તાત્કાલિક 150થી વધુ પોલીસ જવાનોને અલગ-અલગ વિસ્તારમાં રવાના કર્યા હતા. પોલીસ દ્વારા વિસ્તારના અંદાજે 1500થી વધુ CCTV કેમેરાનાં ફૂટેજ તપાસવામાં આવ્યાં હતાં. તપાસ દરમિયાન

...અનુસંધાન પાના 5 પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹૪૫૦૦/-	₹૩૦૦૦/-	₹૫૨૦૦/-

(+GST EXTRA)
ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

સુરત મોઢવણીક - બેસણું

સ્વ. નીમાબેન કંચનલાલ કાબરાવાલા
સ્વ. તા. 12/03/2026 - જ. તા. 02/11/1958
દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી સ્વ. નીમાબેન કંચનલાલ કાબરાવાલાનું તા. 12/03/2026 ના ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્‌ગતનું બેસણું શુક્રવાર તા. 13/03/2026 ના રોજ સવારે 9.00 થી 11.00 દરમ્યાન બદ્રીનારાયણની વાડી, ગુજરાત ગેસ સર્કલ, સુરત રાખેલ છે.
લિ. કંચનલાલ છોટાલાલ કાબરાવાલા
જયેશ કંચનલાલ કાબરાવાલા | ડિમ્પલ જયેશ કાબરાવાલા
અનીશ કંચનલાલ કાબરાવાલા | મમતા અનીશ કાબરાવાલા
દેવાન્શુ જયેશ કાબરાવાલા | મહેક અનીશ કાબરાવાલા
હર્ષલ અનીશ કાબરાવાલા
રાજ જયેશ કાબરાવાલા
મો.નં. 8511311422